Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# "ભારતમાં રાષ્ટ્રવાદનો ઈતિહાસ"

**Dr.M.M.Jagani**

**Asst.prof. Department of Political science**

**M.N.Science & Arts College, Visnagar,**

**Dist-Mahesana,Gujarat,India**

**Email-mmjagani@gmail.com, Mo.No.-9427262940**

આજે રાષ્ટ્ર, રાષ્ટ્રવાદ, રાષ્ટ્રીય હિત, રાષ્ટ્રીય સંઘર્ષ વગેરે શબ્દો સામન્ય ઉપયોગના બની ગયા છે. પરંતુ તેનનો ઉદભવ પ્રચાર તથા તેમના વિશેની ધારણાઓ ૧૯ મી સદીમાં રાષ્ટ્રીય ભાવનાના વિકાસ સાથે વિકાસ પામ્યા હતા. આ રાષ્ટ્રીય ભાવના અથવા રાષ્ટ્રવાદનો ખ્યાલ એટલો બધો અટપટો અને તરલ છે કે, તેના વિશે એક નિશ્ચિત વ્યાખ્યા બાંધવાનું મુશ્કેલ થઈ પડે વાસ્તવમાં રાષ્ટ્રવાદ એ એક ભાવનાગત બાબત છે. અને તેથી ભિન્ન ભિન્ન પ્રજાઓમાં, ભિન્ન ભિન્ન પરીસ્થિતિઓ અને માનસિક વલણોને કારણે તેનો ભિન્ન ભિન્ન સ્વરૂપે આવિષ્કાર થયેલ છે. આમ છતાં તેનાં અમુક સામાન્ય પાસા વિશે નીચે પ્રમાણે સરળ સમજૂતી આપી શકાય.

[+૧]સૌપ્રથમ કોઇપણ પ્રજામાં એકતાની ભાવનાના કે વિશેની સભાનતાનો જન્મ થાય છે. આ એકતાની ભાવના જન્માવનારા ઘણાં પરીબળો હોય છે. એક પ્રદેશમાં વસવાટ, એકજ જાતી, એકજ ભાષા, એકજ ધર્મ, એકજ સાંસ્કૃતિક, એક ઈતિહાસ વગેરે તત્વો છૂટા છવાયા કે સંયુક્ત રીતે કોઇપણ પ્રજાનો એકતાનું ભાવનાને જન્મ આપે છે. તેને કારણે લોકોને પોતાના સમાન હિતોનું ભાન થવા લાગે છે. અને તે પછી આ હિતો સિદ્ધ કરવા માટે તેમનામાં પોતાનું અલગ સ્વતંત્ર સાર્વભૌમ રાજ્ય પ્રાપ્ત કરવાની

ઝંખના જાગે છે. આ રીતે કોઇપણ પ્રજામાં એકતાની ભાવના તથા અલગ સ્વતંત્ર પ્રદેશ અને રાજ્ય પ્રાપ્ત કરવાની ઝંખના બંને સાથે મળીને જે ભાવનાનું નિર્માણ કરે છે. તે ભાવનાને રાષ્ટ્રવાદને નામે ઓળખાવી શકાય. રાષ્ટ્રવાદની એક વિશેષતા એ પણ છે કે, તે માનવી પાસેથી અન્ય સંસ્થાઓ કરતાં રાષ્ટ્ર પત્યે પ્રથમ, સંપૂર્ણ અને અંતિમ વફાદારી માંગી લે છે. તે રાષ્ટ્રના નાગરીકો પાસેથી પોતાના રાષ્ટ્ર માટે તન, મન, ધન ન્યોછાવર કરવાની એટલે કે સર્વોચ્ચ પ્રકારના ત્યાગની અપેક્ષા રાખે છે. અને એટલા જ માટે કેટલાંકને મન તો બિનધાર્મિકતાના આ યુગમાં રાષ્ટ્રવાદ-રાષ્ટ્ર પ્રત્યેની ભક્તિ-એ જ મહાન ધર્મ બની રહેલો હોય છે.

[+૨]રાષ્ટ્રવાદ એ પ્રજામાં એકતાની ભાવના સાથે અન્ય પ્રજાથી પોતે અમુક પ્રકારે અનોખી છે. પોતાના હિતો પોતાની સંસ્કૃતિ અને જીવન પ્રણાલી અલગ છે. તે રીતની અલગતાની ભાવના પણ સંકળાયેલી હોય છે. વાસ્તવમાં કોઇપણ પ્રજામાં પોતાની વિશિષ્ટતાઓ-અસ્મિતાઓ-ખ્યાલ જ રાષ્ટ્રવાદની ભાવનાને બળ આપતો હોય છે.

રાષ્ટ્રવાદ તેના શાંત અને આદર્શ સ્વરૂપમાં લોકામાં રાષ્ટ્ર પ્રત્યેની સર્વોચ્ચ ભક્તિ અને વફાદારી પ્રેરે છે. તેને કારણે જનતાના પોતાના રાષ્ટ્રના ગૌરવમાં પોતાનું ગૌરવ અને રાષ્ટ્રની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ મને છે. પરંતુ તે જ રાષ્ટ્રપ્રત્યેનો ભક્તિ ભાવ ઘેલછા અને ઝનુનનું સ્વરૂપ ધારણ કરે છે. ત્યારે પોતાનું રાષ્ટ્ર અને કેન પ્રકારેણ મહાન બને તેવી સંકુચિત મનોવૃતિ તેમના માનસનો કબજો લે છે અને વિશ્વમાં માત્ર પોતે અને પોતાનું જ રાષ્ટ્ર શ્રેષ્ઠ છે. તેવો મિથ્યા અહંભાવ તેવો પોષવા માંડે છે. વાસ્તવમાં સ્વાર્થી રાજપુરુષો રાષ્ટ્રવાદની ભાવનાને બહુ સહેલાઈથી બહેકાવી તેને ઉગ્ર અને આક્રમક બનાવી શકે છે. તેને પરિણામે વિશ્વના ઇતિહાસમાં એક સમયે જેમ ધર્મના નામે તેમ વર્તમાન સમયમાં રાષ્ટ્ર અને રાષ્ટ્રવાદના નામે અનેક પાપો, ગુનાઓ અને અત્યાચારો આચરવામાં આવતા હોય છે.

[+3]યુરોપમાં રાષ્ટ્રવાદના ઉદભવના સમય વિશે નિશ્ચિત રીતે કહી શકવાનું મુશ્કેલ છે. તેમ છતાં “રાષ્ટ્રવાદ” વિશેના માન્ય વિદ્વાનોમાં ના એક પ્રો. હેન્સ કોહન નો મત એવો છે કે, “આધુનિક રાષ્ટ્રવાદનો ઉદભવ વાયવ્ય યુરોપમાં તથા અમેરિકન સંસ્થાનોમાં

૧૭ મી અને ૧૮ મી સદીઓમાં થયો હતો. જ્યારે ૧૯ મી સદીમાં તે યુરોપ વ્યાપી ચળવળ બની હતી." અલબત તે પહેલા પણ અમુક પ્રજાઓ અમુક પ્રસંગે શુદ્ધ રાષ્ટ્રવાદની ભાવનાથી જ વર્તેલી હોય તેવા ઉદાહરણો તેમના ઇતિહાસમાં જોવા મળે છે. પરંતુ આ શરૂઆતનો રાષ્ટ્રવાદ ક્વીન્સી રાઈટ નામના લેખકના શબ્દોમાં કહીએ તો રાજશાહી પ્રકારનો હતો. કારણ કે તે સમયે રાષ્ટ્ર એટલે નાગરિકોની બનેલી સંસ્થા એવો અર્થ કોઈને અભિપ્રેત નહતો. રાષ્ટ્ર વિશેની આ પ્રકારની ધારણા તો મહદંશે ફ્રાન્સની રાજ્યક્રાંતિ પછીજ અસ્તિત્વમાં આવી ફ્રાન્સની રાજ્યકાંતિ એજ સૌ પહેલા જનતાની ઇચ્છા પર આધારીત જનતાંત્રીક સરકારનો ખ્યાલ આપ્યો તથા માનવીના અને નાગરિકોના અધિકારો વિશે સમાનતા આપી. પરિણામે ફ્રાન્સની રાજ્યક્રાંતિ અને નેપોલિયનના યુદ્ધોના સમયે ગાળાને આધુનિક રાષ્ટ્રવાદના વિકાસના પ્રથમ તબક્કા સમાન ગાળવામાં આવે છે.

[+૪]લોર્ડ બ્રાઈસના મત મુજબ રાષ્ટ્રવાદ એ એવો માનવ સમુહ છે કે, ભાષા અને સાહિત્ય, વિચારો રીવાજો અને પ્રામાણીકતાઓના બંધનોથી જોડાયેલો છે. અને આવા જ બંધનોથી જોડાયેલા બીજા માનવ સમુહોથી તે જુદો પડે છે તેમ તે અનુભવી છે. રાષ્ટ્રવાદ જ્યારે સ્વતંત્ર રાજકીય સંસ્થા બને છે ત્યારે અથવા તો સ્વતંત્ર થવાની ઈચ્છા તે ધરાવે છે ત્યારે તે રાષ્ટ્ર ગણાય છે. રાષ્ટ્રીયતાને રાજકીય ભય હોતો નથી તેમજ તે આગવુ અસ્તિત્વ ધરાવે છે. પરંતુ જ્યારે રાજકીય તત્વ તેમાં પ્રવેશે છે ત્યારે તે રાષ્ટ્ર બને છે.

નીચેના વિવિધ પરીબળો રાષ્ટ્રવાદને કે રાષ્ટ્રીયતાને ઘડવામાં ખૂબજ અગત્યનો ફાળો આપે છે.

(૧) જાતિની એકતા

(૨) ભાષાની એકતા

(3) ધર્મની એકતા

(૪) ભૌગોલિક એકતા

(૫) સમાન ઐતિહાસિક પ્રમાલીકાઓ

(૬) સમાન રાજકીય એષણાઓ

રાષ્ટ્રવાદમાં એક અગત્યની એ બાબત પણ ધ્યાનમાં રાખવી જરૂરી છે કે, રાષ્ટ્રવાદમાં ઉગ્ર રાષ્ટ્રવાદનો જન્મ થાય છે ત્યારે આવા રાષ્ટ્રવાદને વળેલું રાજ્ય અન્ય રાજ્યોના વિસ્તારોને જીતી લેવાની નીતિ અને વિસ્તારવાદની નીતિને અપનાવે છે. અને હિંસક સ્વરૂપ ધારણ કરે છે. આ માટે આપણે પ્રથમ વિશ્વયુદ્ધ પછીના જર્મનીનો દાખલો આપી શકીએ. હિટલરે રાષ્ટ્રવાદને ઉગ્ર સ્વરૂપ આપ્યુ જેના પરિણામ સ્વરૂપે જર્મનીએ વિસ્તાર વાદની નીતિ અપનાવીને યુરોપના ઘણાં રાજ્યો જીતી લીધા પરિણામે બીજા વિશ્વયુદ્ધનો જન્મ થયો. ટૂંકમાં ઉગ્ર રાષ્ટ્રવાદ સામ્રાજ્યવાદને જન્મ આપે છે.

આ પ્રમાણે રાષ્ટ્રવાદનો ખ્યાલ મેળવતા જણાય છે કે, રાજ્યની રચનામાં રાષ્ટ્રવાદની ભાવનાના ઘણોજ મહત્વનો ભાગ ભજવે છે. એટલું નહી પણ તેને અનુલક્ષીને આંતર રાષ્ટ્રવાદ વચ્ચે કેવી રીતે સુમેળ સાધવો તે વિશે પણ વિચારવામાં આવ્યું છે.

**ભારતમાં રાષ્ટ્રવાદ**:- ભારતમાં રાષ્ટ્રવાદની ભાવના સ્વતંત્રતા પૂર્વે અસ્તિત્વ ધરાવતી હોવા છતાં પણ બ્રિટીશ હકુમત દરમિયાન તેના રાજકીય સ્વરૂપેનો વિકાસ થયો અને છેવટે ભારતીય રાષ્ટ્રવાદ ભારતની સ્વતંત્ર રાષ્ટ્ર રાજ્ય તરીકેની ઈચ્છામાં પરિણમ્યો. રાષ્ટ્રવાદને વ્યલસ્થિત વળાંક આપવાનું કાર્ય ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ શરૂ કર્યું. ઈ.સ. ૧૮૮૫ માં તેની સ્થાપના એક રાજકીય પક્ષ તરીકે નહી પરંતુ રાષ્ટ્રીય સંસ્થા તરીકે થઈ હતી. ધીરે ધીરે ભારતની પ્રજાની રાષ્ટ્રીયતાની ભાવના વધુને વધુ દ્રઢ થતી ગઈ આમ બનાવવામાં બ્રિટીશ સરકારના ઝુલ્મો એ અગત્યનો ભાગ ભજવ્યો હતો.

ભારતમાં પ્રવર્તતી રાષ્ટ્રીયતાની ભાવના સ્વતંત્રતા મળ્યા પછી પણ ચાલુ રહી છે. અને રાષ્ટ્રીય એકતાના સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવે છે. ઈ.સ. ૧૯૪૭ થી શરૂ કરીને ઘણાં વર્ષો સુધી આ ભાવના મજબુત થતી રહી છે.

ઓગણીસમી સદી રાષ્ટ્રવાદની સદી ગણાય છે. પોલેન્ડનું સૌપ્રથમ વિભાજન થયુ ત્યારથી આધુનિક રાષ્ટ્રવાદનો ખ્યાલ અસ્તિત્વમાં આવ્યો છે. એ સાથે જ રાષ્ટ્રની ભાવનાએ મૂર્ત સ્વરૂપ ધારણ કરવાની દિશામાં વેગ પકડયો છે. દરેક રાષ્ટ્ર રાજ્ય હોવું જોઈએ, દરેકને પોતાનું સાર્વભૌમત્વ હોવું જોઈએ, ચોક્કસ સરહદો હોવી જોઈએ વગેરે ખ્યાલો સ્વીકૃતિ પામ્યા છે.

[+૫]ભારતમાં ૧૮૫૭ ના સ્વાતંત્ર સંગ્રામે રાષ્ટ્રીય ચિન્ગારી પ્રગ્ટાવી તે પહેલાં રાજા રામ મોહનરાએ તથા સ્વામી દયાનંદ સરસ્વતીએ રાષ્ટ્રવાદની ભાવનાને જગાડી. ૧૮૮૫ માં ભારતીય રાષ્ટ્રીય ક્રોગ્રેસની સ્થપના થઈ ત્યારથી શરૂ કરીને ૧૯૪૭ સુધીના સમયગાળાને રાષ્ટ્રીય ચળવળના સંદર્ભમાં ત્રણ તબકકામાં વહેચવામાં આવે છે. ૧૮૮૫ થી ૧૯૦૫ સુધીના પ્રથમ તબક્કા દરમિયાન રાષ્ટ્રવાદની ચળવળ પર મવાળોનો પ્રભાવ હતો. ક્રોગ્રેસમાં મોટા ભાગે સમાજનો ઉચ્ચ વર્ગ જોડાયો હતો. સર્વશ્રી ગોપાલ કૃષ્ણ ગોખલે, ફિરોજ શાહ મહેતા, દાદા ભાઈ નવરોજજી જેવા નેતાઓ રાષ્ટ્રીય ચળવળમાં મોખરે રહ્યા. ૧૯૦૫ થી ૧૯૧૯ સુધીના બીજા તબકકા દરમિયાન ઉગ્ર રાષ્ટ્રવાદ નજરે ચડે છે. ઉદ્દામ નેતાઓના વલણ છેવટે ૧૯૦૭ માં ક્રોગ્રેસના ભાગલા પાડયા આ તબક્કામાં બાળ ગંગાધર ટિળકે ઘણો જ મહત્વનો ભાગ ભજવ્યો આ સમય દરમિયાન મુસ્લીમ રાષ્ટ્રવાદ પણ વિકસ્યો.

[+૬]૧૯૨૦ થી શરૂ થતા ત્રીજા તબક્કામાં રાષ્ટ્રીય ચળવળનું નેતૃત્વ ગાંધીજીએ સંભાળ્યું તેમાં સત્યાગ્રહ અને અસહકારના સાધનોનો ઉપયોગથી સમગ્ર દેશમાં રાષ્ટ્રવાદનું મોજું ફરી વળ્યું. રાષ્ટ્રીય ચળવળમાં મજૂરો તથા કિસાનો પણ જોડાતા. અદનો આદમી પણ રાજકીય બન્યો ૧૯૩૫ પછી પ્રાંતિક ચુંટણીઓ યોજાઈ તેમાં ક્રોગ્રેસ ભાગ લઈ આઠ પ્રાંતાંમાં સરકાર રચી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પણ રાષ્ટ્રીય ચળવળે વેગ પકડયો. યુદ્ધ પછી ગાંધીજીએ હિંદ છોડોની હાકલ કરી. ક્રાંતિકારીઓએ તથા સુભાષચંદ્રબોઝે પણ મહત્વનો ભાગ ભજવ્યો, પંડિત નહેરૂ વગેરે નેતાઓએ મહત્વનો ફાળો આપ્યો.

"૭ભારતીય રાષ્ટ્રવાદનું એક મહત્વનું પાસું છે. રાષ્ટ્રીય એકતાનો ખ્યાલ હિંદની પ્રજામાં જાગૃત થયો અને તેનો અવિર્ભાવ થવો એટલે જ્યાં સુધી હિંદની જનતાને એમ ન લાગે કે અમે સૌ એક છીએ. ત્યાં સુધી હિંદની પ્રજામાં એકતાનો આવિર્ભાવ થવો મુશ્કેલ છે.

જેમ મુઘલ શાસન સમય આખો દેશ એકજ શાસનની નીચે આવ્યો હતો તેમ બ્રિટીશ શાસન સમયે પણ સમગ્ર હિંદ એકજ શાસન નીચે આવ્યો હતો.

હિંદની પ્રજામાં રાષ્ટ્રવાદના ઉદયના પરિબળો નીચે મુજબ ગણાવી શકાય.

(૧) અંગ્રેજી ભાષામાં કેળવણી અને પાશ્ચાત્ય શિક્ષણ

(૨) સુધારકોએ જન્માવેલી રાષ્ટ્રભક્તિની ભાવના

(૩) હિન્દી સનદી નોકરીઓનો પ્રશ્ન

(૪) વામન વ્યવહાર અને સંદેશા વ્યવહારના સાધનો

(૫) બંગ ભંગ વિરોધી અને સ્વદેશી આંદોલન

(૬) વર્તમાનપત્રો અને મેગેઝિન

આમ હિંદમાં રાષ્ટ્રવાદનો ઉદય એ કોઈ આકસ્મિક ઘટના ન હોતી. પરંતું હિંદની પ્રજામાં ધીમે ધીમે અને ક્રમશ આવેલી ચેતના કે જાગતિનું એ પરિણામ હતું વળી શ્રી રજનીપામ દત્ત તેમના પુસ્તક "ઈન્ડિયા ટુડે" માં લખે છે તેમ ૧૯ મી સદીના અંતિમ ૨૫ વર્ષોમાં હિંદના રાષ્ટ્રીય આંદોલન આરંભે માટે એટલા બધા સાનુકુળ સંજોગો હતા કે જે અગાઉના ૭૫ વર્ષોમાં ક્યારે ન હતા. આમ હિંદના પાશ્ચાત્વ શિક્ષણ પામેલા વર્ગ રાષ્ટ્રવાદના ઉદયમાં એક "ટોર્ચ લાઈટ" નું કાર્ય કર્યું તો રેલ્વે પ્રાદેશીક અંતરને ઘટાડીને ભેદભાવો તથા મતભેદોને દુર કર્યા હતા.

હિંદના લોકોમાં રાષ્ટ્રવાદને જગાવવામાં અને વિકસાવવા ઇન્ડીયન મિરર, મુંબઈ સમાચાર, અમૃત બજાર પત્રિકા, હિંદુ પેટ્રીયેર, મરાઠા કેસરી, ધી બેન્ગોલી જેવા અંગ્રેજી તેમજ પ્રાદેશીક ભાષાઓના વર્તમાન પત્રોએ પણ મહત્વનું પ્રદાન કર્યું છે.

**સંદર્ભ ગ્રંથ**

(૧) પાલમર અને પરકિન્સ :- ઇન્ટરનેશનલ રીલેસન્સ ધી વર્લ્ડ કોમ્યુનીટી ઇન ટ્રાન્ઝીશન(પેજ નં.-૪૧)

(૨) પ્રા. દેવેન્દ્ર :- યુરોપનો ઈતિહાસ (પેજ નં.-૧૫૮)

(3) કાર.ઈ.એચ. :- ઇન્ટરનેશનલ રીલેસન્સ (પેજ નં.-૮૯)

(૪) પ્રા. હસમુખ જે. પંડયા :- વિશ્વ રાજકારણ (પેજ નં.-૧૧૯)

(૫) પાર્કર થોમસ મુન :- ઈમ્પિરીયાલીઝમ & વર્લ્ડ પોલીટીક્સ (૧૯૬૭) (પેજ નં.-૨૨)

(૬) પ્રા. હસમુખ પંડયા :- વિશ્વ રાજકારણ (પેજ નં.-૧૨૧)

(૭) પ્રા. દેવેન્દ્ર ભટ્ટ :- યુરોપનો ઈતિહાસ (પેજ નં.-૧૦૨)